ગાંધીનગર સમાચાર

**મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો સિનારિયો બદલવા અન્ડર પાસ બનાવવા જરૂરી**

# ગાંધીનગર સિટીતાલુકાની રચનાની સક્રિય વિચારણા

## ગાંધીનગર તાલુકાના રાજકીય વિભાજન પછી વહીવટીય વિભાજન અંગે સરકાર સક્રિય વિચારણા કરે છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકામાં થઈ રહેલા વસતી વિસ્ફોટ અને વિકાસને પગલે હવે તેનું રાજકીય વિભાજન કરાયા બાદ વહીવટીય વિભાજન અંગે પણ ગંભીરતાથી વિચારણા સરકારમાં હાલ ચાલી રહી છે.

ગાંધીનગર સીટી તાલુકો અને મામલતદારની જગ્યા અલગ કરવાની અગાઉ વિચારણા થઈ હતી આ પછી આ ફાઈલ અભેરાઈએ ચડી ગઈ હતી.

વિધાનસભા મત વિસ્તારો બે બન્યા છે તેમ હવે સીટી તાલુકો અલગ બનાવવાને બદલે ઉત્તર અને દક્ષિણ તાલુકો જ બનાવવાની વાત વિચારાધીન છે. ગાંધીનગર શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં જે રીતે વસતી વૃદ્ધિનો દર જોવા મળી રહ્યો છે તેને પગલે વહીવટીય ભારણ વધી રહ્યુ છે. આ નવા વિકાસ પામેલા વિસ્તારોને પગલે સરકારી શાળા, હેલ્થ સેન્ટર, આંગણવાડી સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની થાય છે.

બીજી તરફ ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તારમાં પણ વસ્તીવૃદ્ધિનો દર ઉત્તરની સરખામણીએ ઓછો છે પરંતુ અહિ જે ધીમી ગતિએ વિકાસ આગળ વધી રહ્યો છે તેને લઈ હવે વહીવટીય વિભાજન જરૂરી બન્યુ છે.

આ વિસ્તારમાં પણ આંતર માળખાકીય સુવિધાઓ ઝડપથી ડેવલપ થઈ રહી છે. ચિલોડા(ન) પંથકનો કેટલોક વિસ્તાર તો લગભગ અમદાવાદને લગોલગ થઈ ચુક્યો છે.

જિલ્લામાં સૌથી વધુ વસતીનું ભારણ અને ગ્રામ્ય વિસ્તારની સંખ્યા પણ ગાંધીનગરમાં જ વધુ છે. આ તાલુકાનું વિભાજન કરવુ એટલા માટે જરૂરી બન્યુ છે કે પેથાપુર, સરગાસણ, કુડાસણ,

**ગાંધીનગર તાલુકામાં વસ્તી વિસ્ફોટની સ્થિતિ ને લઈ વહીવટીય ભારણ પણ વધી રહ્યું છે : ગિફ્ટસીટી ડેવલપ થતાં જ વહીવટીય ભારણ અનેકગણુ થવાની ભીતિને પગલે હાથ ધરાયેલ વિચારણા : કલોલની પણ હદ વધી શકે છે**

કોલવડા, કોબા, ખોરજ, ઉવારસદ, વાવોલ, અડાલજ, સુઘડ, નભોઈ, ભાટ, કોટેશ્વરનો વિકાસ ખુબ જ ઝડપી બન્યો છે. અહિ જે આરોગ્ય સેવાઓ છે તે ઓછી પડે છે તો ગાંધીનગર સરખેજ હાઈવે એજ્યુકેશન કોરીડોર તરીકે ડેવલપ થઈ રહ્યો છે. અહિ જે રીતે વિકાસ પ્રક્રિયા આગળ ધપી રહી છે તે જોતાં હવે સરકારે આ વિકલ્પ પર ગંભીરતાથી પુનઃ વિચારણા શરૂ કરી છે.

ગાંધીનગર તાલુકાના વિભાજનની સાથે કલોલ તાલુકાનો પણ વિસ્તાર કરવામાં આવે તેવી

● અનુસંધાન પાન-૭ પર



**ટ્રાફીક જામ** - ગાંધીનગર - સરખેજ માર્ગ પર ટ્રાફીક જામના દશ્યો રોજ સર્જાય છે... ક્યારેક વૈષ્ણવદેવી તો ક્યારેક ઉવારસદ ચાર રસ્તા, તો ક્યારેક તારાપુર ચોકડી, તો ક્યારેક સરગાસણ સર્કલ... છેલ્લા બે મહિનાથી એસ.જી. હાઈવે પરથી પસાર થવું શીરદર્દ બની જાય છે... રવિવારે સવારના સમયમાં ઉવારસદ ચાર રસ્તા પર ૪૦ મિનિટ સુધી ટ્રાફીક જામ રહેતા વાહન ચાલકો અકળાઈ ગયા હતા... હું પહેલા - હું પહેલાના અભિગમથી સર્જાતો ટ્રાફીક જામ સૌને પરેશાન કરે છે... આ ચારેય સ્થાનો પર ટ્રાફીક કંટ્રોલ પોઈન્ટ તાકિદે ઉભો કરવાની જરૂર છે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# મુખ્ય માર્ગો પર ટ્રાફિકનો સિનારિયો બદલવા અન્ડર પાસ બનાવવા જરૂરી

## શહેરના મુખ્યમાર્ગો પર પીક અવર્સમાં ટ્રાફિક જામના દ્રશ્યો : વાહનોની સંખ્યામાં દસ ગણો વધારો : રોડ નેટવર્કને અપગ્રેડ કરવાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૭

છેલ્લા એક દાયકા દરમિયાન શહેરમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે વાહનોની સંખ્યા પણ વિશેષરૂપે વધતા માર્ગ પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના હાર્દસમા ઘ-૪ વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કના સોહામણાં પ્રોજેકટના અંતે સર્વિસ રોડનુ નેટવર્ક ઉભુ થતા સર્કલ આસપાસના વિસ્તારમાં વાહનચાલકોને ગોથે ચઢવાનો વારો આવ્યો છે. બીજીતરફ શહેરના રોડનેટવર્કને અપગ્રેડ કરવા માટે તેમજ જાળવણી પાછળ વર્ષ દરમિયાન કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. આમછતા ટ્રાફિકની સમસ્યા નિવારવા માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈ અન્ડરપાસ બનાવવાનુ આયોજન હજુ કાગળ પર પણ આખરી થઈ શકયુ નથી.

ગાંધીનગરના ૬૧૩ કિમીના રોડ નેટવર્કને ચકાચક રાખવા માટે તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે માર્ગોના નવિનીકરણ માટે પણ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. શહેરમાં છેલ્લા એક દાયકાના અંતે ટ્રાફિકની સમસ્યા દિનપ્રિતિદિન વિકરાળ બનતી જાય છે. સ્વર્ણિમ પાર્ક તેમજ મહાત્મા મંદિર સહીતના પ્રોજેકટો અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરના મુખ્ય ઘ માર્ગ પર વાહનોની વિશેષ અવર જવર જોવા મળી રહી છે. જયારે વાહનોની સતત વધતી સંખ્યાને અનુલક્ષીને પણ પ્રત્યેક માર્ગ પર ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. ત્યારે શહેરમાં ટ્રાફિક સિગ્નલ કાર્યરત કરવાની યોજના મૃતપાય અવસ્થામાં છે. આવા સંજોગોમાં પીક અવર્સ દરમિયાન શહેરમાં મેગાસીટીની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો

● અનુસંધાન પાન-૭ પર



**રમતોત્સવ** - આજકાલ શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં રમતોત્સવ અને વાર્ષિકોત્સવની મોસમ પુરબહારમાં ખીલી છે... પ્રિ-પ્રાયમરીથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીની સંસ્થાઓમાં સ્પોર્ટસ-ડે વ્યાપક પ્રમાણમાં ઉજવાઈ રહ્યા છે... શનિવારે ઈન્ડીય ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ખાતે ખેલકૂદની અનેક સ્પર્ધાઓ યોજાઈ હતી. રોમાંચક વાતાવરણમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો... **(તસવીર : કમલેશ શાહ)**

# નવસારી નજીકના ગમખ્વાર અકસ્માત બાદ હવે ડ્રાઈવરોને તાલીમ પુરી પડાશે

## ભરુચ ડિવિઝનના સેંકડો ડ્રાઈવરોને આવરી લેવાશે : ભરુચ, ઝઘડિયા, જંબુસર, અંકલેશ્વર અને રાજપીપળા ડેપોના તમામ ડ્રાઈવરોને આવરી લેવાની હિલચાલ શરૂ

ભરૂચ, તા.૭

દક્ષિણ ગુજરાતમાં નવસારી નજીક તાજેતરમાં જ ગમખ્વાર અકસ્માત થયા બાદ તેની અસર પણ હવે એસટી ડિવિઝન ઉપર દેખાઈ રહી હોવાના અહેવાલ મળી રહ્યા છે. આવા અકસ્માતોને ટાળવા માટે હવે ભરુચ ડિવિઝન દ્વારા ૬૫૦ ડ્રાઈવરોને બ્રિજ પર બસ ચલાવવાના સંદર્ભમાં વિશેષ તાલીમ આપવામાં આવશે. નવસારીમાં થયેલા અકસ્માતમાં એસટી બસ પૂર્ણા નદીમાં ખાબકી જતાં ૪૨ લોકોના મોત થયા હતા. ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમ વિભાગ દ્વારા સલામત સવારી, એસટી હમારીનું સુત્ર આપવામાં આવ્યુંછે. ગઈકાલે નવસારીથી ઉકાઈ જતી એસટી બસ સામેથી આવતી એક મોટર સાઈકલને બચાવવા જતાં રેલિંગ તોડી પૂર્ણા નદીમાં ખાબકી હતી. જેમાં ૪૦થી વધુ મુસાફરો મોતને ભેટ્યા છે.

નવસારીમાં બનેલી ગમખ્વાર ઘટના બાદ ભરૂચ એસટી વિભાગે તકેદારીના પગલા રૂપે ડ્રાઈવરોને ખાસ તાલીમ આપવાનો નિર્ણય કર્યો છે. આ તાલીમમાં ભરૂચ, અંકલેશ્વર, જંબુસર, ઝઘડિયા, અને રાજપીપળા ડેપોમાં ફરજ બજાવતાં ૬૫૦થી વધુ ડ્રાઈવરોને બ્રીજ તેમજ ઉબડખાબડ રસ્તાઓ ઉપર બસ કઈ રીતે ચલાવવી તેની ખાસ તાલીમ આપવામાં આવશે.

# જિલ્લામાં આંગણવાડીના ૫૧૪૦ બાળકો કુપોષિત

## ૭૫૧ બાળકો અતિ કુપોષિત કેટેગરીના છે : ગત વર્ષની તુલનામાં ૫ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયાનો તંત્રનો દાવો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૫૧૪૦ બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે. એ પૈકી ૭૫૧ બાળકો અતિ કુપોષિત કેટેગરીમાં આવે છે.

જિલ્લાની આંગણવાડીઓમાં ભણતા ૮૦,૦૯૫ બાળકોની કરાયેલ તપાસમાં ૯૨ ટકા જેટલા બાળકો સામાન્ય જણાયા છે. જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો કલોલ તાલુકામાંથી મળ્યા છે જેમની સંખ્યા ૩૦૭ છે. આ તાલુકાની આંગણવાડીમાં નોંધાયેલા બાળકોની સંખ્યા ૨૦,૧૮૫ છે. જે અતિ કુપોષિત બાળકો મળ્યા છે તે કુલ નોંધાયેલ સંખ્યાના ૧.૫૨ ટકા જેટલા થાય છે. આ તાલુકામાં કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા ૧૯૩૬ છે.

બાળકોને કુપોષણમાંથી મુક્તિ અપાવવા માટે તંત્ર દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તંત્રના દાવા પ્રમાણે કુપોષણમાંથી ગત વર્ષની તુલનામાં ૫ ટકા બાળકોનો ઘટાડો નોંધાયો છે જે અભિયાનને મળેલો સારો પ્રતિસાદ દર્શાવે છે.

ગત વર્ષે આંગણવાડીમાં નોંધાયેલા બાળકોની સંખ્યા ૮૦,૫૧૭ હતી અને ૧૩ ટકા જેટલા બાળકો કુપોષણથી પિડાતા હતા. આ વર્ષે નોંધાયેલા બાળકોની સંખ્યા ૮૦,૦૯૫ છે અને ૮ ટકા જેટલા બાળકો જ કુપોષણથી પિડાતા જોવા મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# આંગણવાડી-હેલ્થ વર્કરોની અમદાવાદમાં વિશાળ રેલી

અમદાવાદ, તા.૭

ગુજરાત આંગણવાડી સંગઠન તથા ગુજરાત આશા હેલ્થ વર્કર્સ યુનિયન દ્વારા પડતર પ્રશ્નોને લઈને આજે અમદાવાદમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વર્કરો ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓ દ્વારા જુદી જુદી માંગણીઓને લઈને વિશાળ રેલી યોજી હતી. હવે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે દિલ્હીમાં પણ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત આંગણવાડી સંગઠન તથા ગુજરાત આશા હેલ્થ વર્કર્સ યુનિયન દ્વારા, આગંણવાડી તથા આશા વર્કરને ૧૫૦૦૦ લઘુત્તમ વેતન આપવા, નિવૃત્તિ વય મર્યાદા વધારવા ફેસીલીટરોને કાયમો કમી ગણવા નિવૃત્તિ સમયે ગ્રેચ્યુઈટી પેન્શન તથા પ્રો.ફંડની જોગવાઈ કરવા સહીતની લાંબા સમયથી પડતર માંગણીઓ પ્રશ્ને લાંબા સમયની અનેક રજુઆતો છતાં સરકાર ધ્વારા નિર્ણય ન કરાતા તા.૭મી ફેબ્રુ.રવિવારે અમદાવાદ ખાતે એલીસબ્રીજ, મંગળદાસ ટાઉનહોલ પાસેથી ૧૨ કલાકે વિશાલ રેલી યોજાઈ તથા રેલી બાદ સરદાર ગાર્ડન સામે, નહેરૂ પુલ પાસે ઈન્દચાચાની પ્રતિમા પાસે વિશાળ જનસંસદ યોજાઈ હતી.

# રાજ્યમાં વારંવાર સતત બદલાતા તાપમાનથી સર્જાતી હાલાકી

## રાજ્યના નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૮.૮ ડિગ્રી

અમદાવાદ,તા.૭

ગુજરાતમાં ગરમીનું પ્રમાણ ફરી એકવાર વધી રહ્યું છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩ અને મહત્તમ તાપમાન ૩૦.૩ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યભરમાં નલિયામાં સૌથી ઓછું તાપમાન નોંધાયું હતું. અહીં લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના અન્ય ભાગોમાં પણ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. આજે રાજ્યના જે ભાગોમાં પારો ૧૨થી નીચે પહોંચી ગયો હતો તેમાં ડિસામાં ૧૧.૬, ગાંધીનગરમાં ૧૧.૮નો સમાવેશ થાય છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તાપમાનમાં આ સ્થિતિ યથાવત રહે તેવા સંકેત મળી રહ્યા છે. હાલમાં બેવડી સિઝનના પરિણામ સ્વરુપે બિમારીની સિઝન હાલમાં ચાલી રહી છે. જેના લીધે બાળકો અને મોટી વયના લોકો વધારે સકંજામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં હાલ સુધારો નહીં થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. તાપમાનમાં સતત વધારા વચ્ચે હવામાન વિભાગે કહ્યું છે કે, હાલમાં નિચલી સપાટી ઉપર પવનો ફુંકાઈ રહ્યા છે જેથી તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ઓછા તાપમાનની ચેતવણી જારી થઈ નથી.

**બેસણું**

અમારા સુપુત્ર **શ્રી દિપક ભગવાનદાસ ધુમડીયા**નું તા. ૨૬/૧/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૮/૨/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** દરમિયાન રાખેલ છે.

**સ્થળ : બ્લોક નં. ૪૧/૧૦, 'છ' ટાઈપ, સેક્ટર-૨૧, ગાંધીનગર. મો. : ૯૯૨૪૩ ૩૪૪૯૦**

લિ.

જસુબેન ભગવાનભાઈ ધુમડીયા — ભગવાનભાઈ કેશવલાલ ધુમડીયા
કૈલાશબેન રોહિતકુમાર ધુમડીયા — રોહિત ભગવાનભાઈ ધુમડીયા

**બેસણું**

અમારા પિતાશ્રી **અનીલ શરદચંદ્ર પંડિત** નું તા.૬-૨-૨૦૧૬ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૮-૨-૨૦૧૬ને સોમવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : ૧૧૩૧/૧, સેક્ટર-૨/ડી, ગાંધીનગર. મો. ૯૯૨૪૧ ૨૭૫૦૯, ૯૪૨૯૯ ૬૫૫૩૧**

સ્નેહલતા શરદચંદ્ર પંડિત (માતૃશ્રી) — અરૂંધતિ અનીલ પંડિત (પત્ની)
શૈલા શરદચંદ્ર પંડિત (બહેન) — ઉદગીથ અનીલ પંડિત (પુત્ર)
સુધીર શરદચંદ્ર પંડિત (ભાઈ) — કૃતિ અનીલ પંડિત (પુત્રી)
ઋત્વાંગીની(રૂચિતા) ઉદગીથ પંડિત (પુત્રવધુ)

**અમારા બનેવીનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે**
**હિમાંશુ પંડ્યા । દેવાંગ પંડ્યા**

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com